ક્રમાંક : રોતાનિ/સ્કીમે-૮/કા.આ.સ./ ૬૭ ૮ ૭ /૧૯.
રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરી,
બ્લોક નં-૧/૮,ત્રીજો માળ,ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.
તા. ૦૮ /૦૮/૨૦૧૯.

પ્રતિ,

મદદનીશ નિયામકશ્રી(રોજગાર), મદદનીશ નિયામક (રો)ની કચેરી.. તમામ,
પેટા પ્રાદેશિક રોજગાર અધિકારીશ્રી, પેટા પ્રાદેશિક રોજગાર કચેરી. .નડિયાદ,
રોજગાર અધિકારીશ્રી..જિલ્લા/નગર રોજગાર કચેરી/મહિલાઓ માટેની ખાસ કચેરી..તમામ,
નાયબ વડાશ્રી,યુનિવર્સીટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્રો,......તમામ.

વિષય : જિલ્લાઓની માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં
"કારકિર્દી આયોજન સપ્તાહ" ની ઉજવણી બાબત.(વર્ષ-૨૦૧૯-૨૦)

પ્રતિ વર્ષની જેમ ચાલુ વર્ષે (૨૦૧૯-૨૦માં) પણ શિક્ષણ તથા માહિતી નિયામકશ્રીની કચેરીના સહકારથી કારકિર્દી આયોજન સપ્તાહની ઉજવણી કરવાની થાય છે.ચાલુ વર્ષે આ કાર્યક્રમની અસરકારકતા માટે તમામ જિલ્લા સ્થળે તા.૨૩-૯-૧૯ થી ૨૮-૯-૧૯ દરમ્યાન એક સાથે ઉજવણી કરવાનું નકકી કરેલ છે.આ ઉપરાંત સ્થાનિક પરિસ્થિતિને ધ્યાને લઈ ફેરફાર સહ સપ્ટે-૧૯ દરમ્યાન આ કાર્યક્રમ યોજવાનો રહેશે.

કારકિર્દી આયોજન સપ્તાહની ઉજવણી માટે નીચે મુજબની સુચનાઓનું તમામ રોજગાર અધિકારીશ્રીઓએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧) કાર્યક્રમના આયોજન માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ની અધ્યક્ષતામાં બેઠકનું આયોજન કરવું.તથા સહયોગ ઈચ્છતી તમામ કચેરીઓ/સંસ્થાઓને બેઠકમાં બોલાવવા.

(૨) હાલમાં કાર્યરત ૨000 કેરિયર કોર્નર દ્વારા આ કાર્યક્રમનો વ્યાપ વધે તે માટે જરૂરી પગલા લેવા.

(3) પ્રચારના વિવિધ માધ્યમો દ્વારા કાર્યક્રમની પ્રસિધ્ધિ થાય તે સુનિશ્ચિત કરવું.

(૪) હાલમાં અમલમાં હોય એવી રોજગાર કચેરીની સેવાઓ,માન.મુખ્યમંત્રી એપ્રેન્ટીસશીપ યોજના તથા સ્પર્ધાત્મક પરીક્ષાઓની માહિતી તથા પ્રચાર,ઝુંબેશ આ કાર્યક્રમમાં ખાસ હાથ ધરવી.

(૫) કેરિયર કોર્નરના શિક્ષકો માટે નિષ્ણાંત વ્યાખ્યાતાઓને આમંત્રણ આપી સેમિનારનું આયોજન કરવું.જેમાં વિવિધ કારકિર્દીલક્ષી અદ્યતન દિશા સુચનોનો સમાવેશ કરવો.

(૬) ઉજવણી પુર્ણ થયા બાદ આ સાથે સામેલ કરેલ નિયત નમુના મુજબના પત્રકમાં પ્રાદેશિક કચેરી મારફત વડી કચેરીને રીપોર્ટીંગ કરવું.



Scanned by CamScanner

Scanned by CamScanner

(૭) સપ્તાહ દરમ્યાન જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી દ્વારા યોજાયેલ વિવિધ સ્પર્ધામાં ઉતીર્ણ થયેલા હોય તેઓનુ તેમજ કારકિર્દી શિક્ષકોનુ સમાપન સમારોહમાં સન્માન કરી પ્રોત્સાહીત કરવાના રહેશે.

કાર્યક્રમના સફળ સંચાલન તથા અમલીકરણ માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી તથા જિલ્લા માહિતી કચેરીનો સક્રિય સહયોગ લેવા તેમજ જરૂર પડે સબંધિત જિલ્લા કલેકટરશ્રીનો સહયોગ મેળવવા જણાવવામાં આવે છે.

બિડાણ : નિયત નમુના મુજબ પત્રક

અધિક નિયામક
રોજગાર અને તાલીમ
ગાંધીનગર

જા. નં. ...જીશિક/૧૧૫૩૨
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
જિલ્લા સેવા સદન-૨, બ્લોક,
ત્રીજો માળ, અઠવાલાઈન્સ, સુરત.
તા.: ૦૪/૦૯/૨૦૧૮

નકલ રવાના:-
જાણ તથા અમલ અર્થે સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત જિલ્લો સુરત.

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની તમામ માધ્યમિક/ઉચ્ચતર
માધ્યમિક શાળાઓ

પત્રક

વર્ષ: ૨૦૧૯–૨૦૨૦

## જિલ્લાઓની માધ્યમિક / ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં કારકિર્દી આયોજન સપ્તાહની ઉજવણીની માહિતી

| ક્રમ | કચેરીનું નામ | યોજેલ સપ્તાહની તારીખ | કારકિર્દી વાર્તાલાપની સંખ્યા | નિબંધ સ્પર્ધા | વકતૃત્વ સ્પર્ધા | પ્રદર્શન | ટેકનીકલ શાળાની મુલાકાત | વાલી સંમેલન | ફિલ્મી શો | પ્રશ્નોત્તરી કાર્યક્રમ | ચર્ચા સભા | અન્ય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |
| | કુલ : | | | | | | | | | | | |

Scanned by CamScanner
Scanned by CamScanner